# આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ
# સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર

R.M. SC. C.L.P. COM. COLLEGE PALANPUR

**પ્રથમ વર્ષ કોમર્સ (M.Com. Sem-I) સ્વનિર્ભર વર્ગોમાં પ્રવેશ માટેના નિયમો અને જરૂરી માહિતી**

જુન–૨૦૨૧ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે M.Com.Sem-I માં પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી હેમ.ઉ.ગુજ.યુનિ. એ નકકી કરેલા નિયમો અનુસાર કરવામાં આવશે.

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ | Dt. 18-08-2021 to 28-08-2021 |

૧. વિદ્યાર્થીએ પ્રવેશ માટે કોલેજની વેબસાઈટ www.rrmsclpc.org પરથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મ રૂા.૧૫૦/– ઓનલાઈન ચૂકવવાના રહેશે.

૨. સ્વનિર્ભર વર્ગમાં પ્રવેશ માટે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમાં માટે અલગ–અલગ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. દરેકની પ્રવેશ યાદી પણ અલગ–અલગ પ્રસિધ્ધ થશે.
દરેક વિદ્યાર્થી કુલ બે ફોર્મ ભરી શકશે.(જરૂરીયાત અને ઈચ્છા મુજબ)
(૧) સ્વનિર્ભર અંગ્રેજી માધ્યમ અને (૨) સ્વનિર્ભર ગુજરાતી માધ્યમ

૩. ઓનલાઈન પ્રવેશ ફોર્મની વિગતો ચોકસાઈથી ભરવી.

૪. મેરીટ માટે થીયરીના કુલ ૧૬૦૦ ગુણમાંથી આવેલા માર્કસ જ ફોર્મમાં લખવાના રહેશે.

૫. પ્રવેશ સંપૂર્ણ રીતે યુનિવર્સિટીના નિયમો અને ધારાધોરણો પ્રમાણે આપવામાં આવશે.

૬. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ જો કોઈ ભૂલ જણાયતો Edit Exiting Admission પર ક્લિક કરી ફોર્મ માં ભરેલ Mobile No. અને Birthdate નાખી ફોર્મમાં ભરેલ વિગતમાં સુધારો કરી શકાય છે. પરંતુ ફાઈનલ સબમીશન બાદ સુધારો કરી શકાશે નહી.

૭. ઓનલાઈન ભરેલા પ્રવેશ ફોર્મની પ્રિન્ટ કાઢી વિદ્યાર્થીએ પોતાની જોડે રાખવાની રહેશે.મેરીટ યાદી તથા પ્રવેશ યાદી કોલેજ વેબસાઈટ પર જાહેર થશે.

૮. વિદ્યાર્થીએ મેરીટ યાદી માટે કોલેજ વેબસાઈટ જોતા રહેવું. ફી ઓનલાઈન ભરવાની રહેશે. વિદ્યાર્થી (ભાઈ–બહેન) ફી રૂા. ૩૨૧૦/– રહેશે. વેબસાઈટ www.rrmsclpc.org

૯. ફી ભરાયા બાદ કોલેજ દ્વારા જાણ કરવામાં આવે ત્યારે વિદ્યાર્થીએ ભરેલા ફોર્મ, ઓનલાઈન ફી ભર્યાનો પુરાવો તથા નીચેના ડોકયુમેન્ટની ઝેરોક્ષ સાથે કોલેજ દ્વારા જયારે જાણ કરવામાં આવે ત્યારે રીપોટીગ કરવાનું રહેશે. નીચે મુજબના અસલ પ્રમાણપત્રો તથા તેની પ્રમાણિત નકલ સાથે રાખવા ફરજીયાત છે.
   ૧. બી.કોમ સેમ–૫ અને ૬ની માર્કશીટ
   ૨. શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
   ૩. પછાતવર્ગના વિદ્યાર્થીઓએ જાતિ અંગેનાં સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
   ૪. બક્ષીપંચના વિદ્યાર્થીઓએ તેઓ ઉન્નત વર્ગમાં (ક્રીમીલેયર) આવતા નથી તે બાબતના દાખલાની પ્રમાણિત નકલ. (સરકારશ્રીના વખતો વખતના નિયમ મુજબ)
   ૫. EWS (આર્થિક રીતે નબળા) વર્ગના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર.
   ૬. કોલેજ પરીક્ષા પાસ કર્યા પછી અભ્યાસમાં દાખલ થવા માટે તૂટ પડી હોય અથવા તો બીજા કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તો નિયત નમુનામાં રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ (એફીડેવીટ) કરાવી રજુ કરવાનું રહેશે.
   ૭. પ્રવેશ ફોર્મ સાથે તાજેતરનો ફોટો લગાવવાનો રહેશે.
   ૮. આધારકાર્ડની પ્રમાણિત નકલ.
   ૯. નેશનલાઈઝ બેંક પાસબુકની પ્રથમ પેજની પ્રમાણિત નકલ.
   ૧૦. અનામત બેઠકોમાં આવતા વિદ્યાર્થીઓએ જાતિનો દાખલો તથા અન્ય જરૂરી સર્ટિફિકેટ.

૧૦. જો તમારા અસલ ડોકયુમેન્ટમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ (ખોટી વિગતો /અધુરી માહિતી) માલુમ પડે તો પ્રવેશ આપોઆપ રદ થવા પાત્ર રહેશે અને ભરેલી ફી પરત મળશે નહી.

૧૧. બી.કોમની પરીક્ષા માર્ચ/જૂન–૨૦૨૧ પહેલાં પાસ કરી હોય અને વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓએ અન્ય કોલેજ/ અન્ય ફેકલ્ટીમાં પ્રવેશ લીધો હોય અને મેરીટ યાદીમાં નામ આવેલ હોય તેવા વિદ્યાર્થીએ પ્રવેશ મેળવતી વખતે જે તે કોલેજનો NOC લેટર પ્રવેશ સમયે અચૂક રજૂ કરવાનો રહેશે. NOC વગર પ્રવેશ મેળવી શકશે નહી.

૧૨. <u>અનામત બેઠકોની ફાળવણી:–</u> કોલેજની કુલ પ્રવેશ બેઠકોમાંથી નીચે પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી રહેશે.

| | |
|---|---|
| ૧. અનુસુચિત જાતિ માટે – ૭% | ૨. અનુસુચિત જનજાતિ માટે– ૧૫% |
| ૩. બક્ષીપંચ માટે–૨૭% | ૪. EWS–૧૦% |
| ૫. શારીરિક વિકલાંગ માટે–૩% | ૬. અન્ય યુનિ. ૨% |

૧૩. <u>ફી ના ધોરણો :–</u> હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ. તથા સરકારશ્રીના ધારાધોરણ મુજબ રહેશે. શિક્ષણ ફી તથા અન્ય ફી સેમિસ્ટર દીઠ લેવામાં આવશે. આધાર કાર્ડ નંબર પ્રવેશફોર્મમાં અચૂક લખવો. આધારકાર્ડની નકલ ઉપર અચૂક વિદ્યાર્થીએ સહી કરવી.

૧૪. માર્ગદર્શન મેળવવા હેલ્પલાઈન નંબરનો ઉપયોગ કરવો.

(૧) પ્રા. આર.ડી.વરસાત મો. 9427086691
(૨) પ્રા. બી.એમ.કરણાવત મો. 9898401649
(૨) ડૉ. એચ.આઈ.પ્રજાપતિ મો. 9824339518
(૩) પ્રા. જે.બી.ઠકકર મો. 7383783707

૧૫. હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ., પાટણ સિવાય અન્ય યુનિ.માંથી બી.કોમ પરીક્ષા પાસ કરી આવનાર વિદ્યાર્થીને હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટીમાંથી કામચલાઉ પ્રવેશ પાત્રતાનું પ્રમાણપત્ર મેળવી લીધા બાદ જ પ્રવેશ આપવામાં આવશે.

૧૬. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ યુનિ. અને કોલેજના પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે તથા શિસ્તના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગેનું બાહેંધરી પત્રક પ્રવેશ ફોર્મ સાથે ભરીને આપવાનું રહેશે.

૧૭. પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ યુનિવર્સિટી એનરોલમેન્ટ ફોર્મ ભરવાનું રહેશે. અન્યથા પ્રવેશ રદ ગણાશે.

૧૮. જો કોઈપણ વિદ્યાર્થીનો પ્રવેશ, નિયમો કે ટેકનીકલ કારણોસર ક્ષતિયુકત માલુમ પડશે તો અથવા જો હેમ.ઉ.ગુજરાત યુનિ. વિદ્યાર્થીનો પ્રવેશ માન્ય રાખશે નહી તો એવા વિદ્યાર્થીઓનો પ્રવેશ આપોઆપ રદ થયેલ ગણાશે. આ અંગે યુનિ. ના કુલપતિનો નિર્ણય આખરી ગણાશે.

૧૯. કોલેજ કાર્યાલયનો સમય સોમવાર થી શનિવાર સવારે ૧૧:૩૦ થી ૦૫:૦૦ કલાકનો રહેશે.

૨૦. પ્રવેશની કામગીરી આ સાથે સુચવેલા નીચેના શિડયુલ પ્રમાણે થશે.

૨૧. પ્રવેશ પ્રક્રિયા દરમિયાન કોલેજ કેમ્પસમાં પ્રવેશ કરનાર દરેક વ્યકિતએ કોરોના ગાઈડલાઈન (SOP)નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૨. કોલેજ કેમ્પસમાં પ્રવેશ મેળવનાર વ્યકિતએ માસ્ક અચૂક પહેરવાનું રહેશે અન્યથા નિયમ અનુસાર દંડ વસુલવામાં આવશે.

૨૩. કોલેજમાં આપેલ મોબાઈલ નંબર બદલાય તો કોલેજને અચૂક જાણ કરવી અને એક કરતા વધુ મોબાઈલ નંબર લખવા.

૨૪. જયા સુધી કોલેજમાં ડોકયુમેન્ટ જમા કરાવો નહી ત્યા સુધી પ્રવેશ કામચલાઉ પ્રવેશ ગણાશે.

કન્વીનર
પ્રોફે. આર.ડી.વરસાત
(એમ.કોમ એડમીશન કમિટી)

R.R.M.SC. C.L.P. COM. COLLEGE PALANPUR

આચાર્ય
ડૉ.વાય.બી.ડબગર
(૦૨૭૪૨–૨૫૯૯૫૭)

\\Rrmsclpc02adjsm\2012-13\ADDMISSION FORM\M.Com Admission Niyam Commerce 2021 22.doc

# M.Com. Sem.I New Admission Schedule for Academic Year-2021-22

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | પ્રથમ મેરીટ યાદી અને પ્રવેશ યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ) | 03/09/2021 |
| ૨ | ઓનલાઈન ફી ભરી પ્રવેશ મેળવી લેવાની છેલ્લી તારીખ | 05/09/2021 |
| ૩ | બીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ) | 06/09/2021 |
| ૪ | બીજી પ્રવેશ યાદીની ફી ઓનલાઈન ભરી પ્રવેશ મેળવી લેવાની છેલ્લી તારીખ | 08/09/2021 |
| ૫ | જરૂર પડે ત્રીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ) | 11/09/2021 |
| ૬ | ત્રીજી પ્રવેશ યાદીની ફી ઓનલાઈન ભરી પ્રવેશ મેળવી લેવાની છેલ્લી તારીખ | 12/09/2021 |

નોંધ:

(૧) જરૂર પડશે તો ચોથી મેરીટ યાદી કોલેજની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે જેથી વિદ્યાર્થી મિત્રોએ વેબસાઈટ જોતાં રહેવું.

(૨) રીપોર્ટીંગ સમયે વિદ્યાર્થીએ ઓરીજીનલ પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે. અન્યથા પ્રવેશ આપો આપ રદ થશે.

તારીખ : ૧૮/૦૮/૨૦૨૧

સ્થળ : પાલનપુર

કો–ઓર્ડીનેટર એન્ડ કન્વીનર
પ્રોફે. આર.ડી.વરસાત
(એમ.કોમ એડમીશન કમિટી)

R.R.M. SC. C.L.P. COM. COLLEGE * PALANPUR

આચાર્ય
ડૉ.વાય.બી.ડબગર
(૦૨૭૪૨–૨૫૯૯૫૭)